પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૦ | ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧, ગુરૂવાર; ભાદરવા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ગુજરાતમાં 'શાહીન' વાવાઝોડું ત્રાટકશે

## ગુલાબ વાવાઝોડું નબળું પડ્યા બાદ ગુજરાત પર નવો ખતરો : વાવાઝોડું હાલ ડિપ ડિપ્રેશનમાં છે, જે વેલમાર્ક લો પ્રેશન બનશે : રાજ્ય પરનું મોટુ સંકટ ટળી ગયું

ગાંધીનગર, તા.૨૯

ગુલાબ વાવાઝોડું ઓડિશાના સાગરકાંઠે બે દિવસ પહેલાં ટકરાયા બાદ નબળું પડ્યું હતું અને હવે અરબ સાગર તરફ આગળ વધી રહ્યું છે. જો કે ગુલાબ વાવાઝોડં ભલે નબળું પડ્યુ હોય, પણ ગુજરાત પર હવે નવા વાવાઝોડાની અસર વર્તાઈ રહી છે. આગામી ૨૪ કલાકમાં ગુજરાત પર શાહીન વાવાઝોડાની અસર દેખાશે, જે ગુલાબ વાવાઝોડાની જ પોસ્ટ ઈફેક્ટ હોવાનું હવામાન વિભાગનું કહેવુ છે. આ વિશે હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાએ જણાવ્યું કે, ઓડિશા અને આંધ્ર પ્રદેશના કાંઠે ટકરાયેલા ગુલાબ વાવાઝોડાની પોસ્ટ ઈફેક્ટના કારણે અરબ સાગરમાં વધુ એક વાવાઝોડું શાહીન સર્જાઈ રહ્યું છે. અરબ સાગરમાં શાહીન નામનુ વાવાઝોડું ઉઠી રહ્યુ છે. જોકે, આ સાયક્લોન બનશે તો નામ શાહીન રહેશે. સાયક્લોન બની પણ જાય તો પણ ગુજરાત માટે કોઈ મોટું સંકટ નથી. કોસ્ટલ એરિયામાં કાલે ભારે પવન ફૂંકાશે, ત્યારબાદ અરેબિયન સીમા તેની અસર જોવા મળશે. આ અરબી સમુદ્રમાં વાવાઝોડું હાલ ડિપ ડિપ્રેશનમાં છે, જે ૬ કલાકમાં વેલમાર્ક લો પ્રેશન બનશે. શાહીનની અસરથી ગુજરાતભરમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમણે ગુજરાતમાં વાવાઝોડાની અસર વિશે વધુમાં જણાવ્યું કે, આગામી ૨૪ કલાકમાં સામાન્યથી ભારે વરસાદ પડી શકે છે. સાઉથ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરાઈ છે. તો ગુજરાતના કોસ્ટલ એરિયામાં કાલ સવાર સુધી ૬૦ કિમીની ઝડપે અને આવતીકાલે ૯૦ની ગતિના પવન ફૂંકાશે. જેથી માછીમારોને હાલ તાકીદ કરાઈ છે, ૪ દિવસ માટે દરિયો ના ખેડવા સૂચન છે. દરિયાઈ વિસ્તારોમાં ભારે વરસાદ રહેશે, સાથે જ દરિયો તોફાની પણ બનશે. ૪૦ની ગતિના પવનો અમદાવાદમાં પણ ફૂંકાશે, પણ અમદાવાદમાં કોઈ ખતરો નથી. શાહીન વાવાઝોડાની અસરથી ભરૂચ, આણંદ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથમાં ભારે વરસાદ પડી શકે છે.

# ગુજરાતમાં ત્રણ દિવસ ભારે વરસાદની આગાહી

## માછીમારોને ત્રણ દિવસ દરિયો નહીં ખેડવા આદેશ

ગાંધીનગર, તા.૨૯

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આગામી ત્રણ દિવસ ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. તે ઉપરાંત અરબ સાગરમાં શાહિન વાવાઝોડું સર્જાઈ રહ્યું હોવાથી ભારે પવન ફૂંકાવાની શક્યતાઓ છે. જેથી માછીમારોને ત્રણ દિવસ સુધી દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી છે.રાજ્યમાં ૬ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ અને ૨૦ જિલ્લામાં આજે યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. રાજ્યમાં આગામી પાંચ દિવસ ભારે વરસાદ થવાની પણ આગાહી કરવામાં આવી છે. આજે સવારથી જ અમદાવાદમાં પવન ફૂંકાયો છે. તમામ જિલ્લા વહીવટી તંત્રને સ્ટેન્ડ બાય રાખવામાં આવ્યાં છે. 'ગુલાબ' વાવાઝોડું ઓડિશાના સાગરકાંઠે બે દિવસ પહેલાં ટકરાયા બાદ નબળું પડ્યું હતું અને હવે અરબ સાગર તરફ આગળ વધી રહ્યું છે. જો કે ગુલાબ નબળું પડતા જ ગુજરાત પર હવે શાહિન વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે ઓડિશા અને આંધ્ર પ્રદેશના કાંઠે ટકરાયેલા 'ગુલાબલ્લ વાવાઝોડાની પોસ્ટ ઈફેક્ટના કારણે અરબ સાગરમાં વધુ એક વાવાઝોડું 'શાહીનલ્લસર્જાઈ રહ્યું છે. ૩૦ સપ્ટેમ્બરે અરબી સમુદ્રમાં ડિપ ડિપ્રેશન ઉદભવશે અને તે ગુજરાતના કાંઠા વિસ્તારમાં ટકરાઈ શકે છે.હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમા મોહંતિના જણાવ્યા મુજબ, ગુજરાત પર "શાહીન" વાવાઝોડાનું સંકટ તોળાઈ રહ્યું છે. હાલ ડિપ ડિપ્રેશન છે, જે ૬ કલાકમાં વેલમાર્ક લો પ્રેશન બનશે. "શાહીન" વાવાઝોડાના પગલે સમગ્ર રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આટલું જ નહીં, આગામી ૩ દિવસ સુધી સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ યથાવત રહેશે.

# સાંબેલાધાર : વલસાડ જિલ્લામાં ૮ કલાકમાં ૧૬, ડાંગમાં ૨૪ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ

## રાજ્યના તમામ તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો : વલસાડ શહેરમાં ૬.૫ ઇંચ અને કપરાડા તાલુકામાં ૬ ઇંચ, સાપુતારામાં ૧૦.૭૨ ઇંચ, આહવામાં ૬.૫૨ ઇંચ વરસાદ, અનેક ડેમો છલકાઈ ગયા

વલસાડ,તા.૨૯

વલસાડ જિલ્લામાં પણ હવામાન વિભાગની ભારે વરસાદની આગાહીને પગલે ગઈકાલથી જ વરસાદી માહોલ જામ્યો છે. ગઈકાલે દિવસ દરમિયાન છુટાછવાયા વરસાદી ઝાપટા બાદ મોડી રાત્રે જિલ્લાના તમામ તાલુકાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. જિલ્લામાં ૨૪ કલાકમાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લામાં ઉપરવાસમાં ભારે વરસાદ કપરાડા અને મહારાષ્ટ્ર બોર્ડરમાં રાત્રે ૧૨ વાગ્યાથી સવાર ૮ વાગ્યા સુધી ૧૫.૯૪ ઈંચ વરસાદ ખાબકી ચૂક્યો છે. ઉપરવાસમાં ભારે વરસાદને લઈ મધુબનડેમમાં પાણી ૯ લાખ ક્યુસેકથી વધુ પાણીની આવક થઈ રહી છે. ૮ કલાકમાં કુલ મધુબનડેમ ૭ દરવાજા ૨ મીટરે ખોલાયા છે. તો ડેમમાંથી ૯ લાખ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યુ છે. આ કારણે વહીવટી તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારને એલર્ટ

● અનુસંધાન પાન-૭ પર





# મહારાષ્ટ્રમાં મૂશળધાર વરસાદ



મુંબઈ, તા.૨૯

ભારે વરસાદને લીધે ધનગાંવ ખાતે માંજરા ડેમ છલકાતા ડેમના ૧૮ દરવાજા ખુલ્લા કરી દેવાયા હતા. જેથી બીડ જિલ્લાના કેટલાક ગામડામાં પાણી ભરાતા પૂરની પરિસ્થિતિ સર્જાઇ હતી. એમ આ સિવાય અન્ય જિલ્લામાં સતર્ક રહેવાની સૂચના આથોરીટીએ આપી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.મરાઠાવાડા વિસ્તારમાં વરસી રહેલા મૂશળધાર વરસાદને લીધે હાહાકાર મચી ગયો હતો. મૂશળધાર વરસાદને લીધે નદીમાં પૂર આવતા ૧૦ વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. યવતમાળ ખાતે એક એસ.ટી.ની બસ તણાઈ જતા એક વ્યક્તિનું મોત થયું હતું અને ત્રણ જણ લાપત્તા છે.

જ્યારે લાતુર જિલ્લામાં એક ડઝનથી વધુ પૂરના લીધે ફસાઈ જતાં તેઓને સરકારી યંત્રણાએ બચાવી લીધા હતા. એમ અધિકારીએ જણાવ્યું હતું. આ સિવાય અનેક ઘરોને નુકસાન થયું હતું. ખેતરોમાં પાણી ભરાતા પાકને નુકસાન થયું. ૨૦૦થી વધુ ઢોરો તણાઈ ગયા હોવાનું જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું.

# ભારત-અફઘાન વિમાન સેવા ફરી શરૂ કરવા અપીલ કરાઈ

નવી દિલ્હી, તા.૨૯

અફઘાનિસ્તાનમાં સત્તા પર કબ્જો કર્યા બાદ દુનિયાના બીજા દેશોએ અફઘાનિસ્તાન સાથેની હવાઈ સેવા બંધ કરી દીધી છે.

સરકાર બનાવ્યા બાદ તાલિબાને ભારતને પહેલો પત્ર લખ્યો છે અને બંને દેશો વચ્ચેની હવાઈ સેવા ફરી શરૂ કરવા માટે અપીલ કરી છે.તાલિબાન તરફથી ભારતને પહેલી વખત કોઈ સત્તાવાર પત્ર લખવામાં આવ્યો છે. અફઘાન સિવિલ એવિએશન ઓથોરિટી દ્વારા ભારતમાં ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશનને પત્ર લખીને બંને દેશો વચ્ચેની વિમાની સેવા ફરી શરૂ કરવા માટે અપીલ કરવામાં આવી છે.

એક મીડિયા રિપોર્ટ પ્રમાણે આ પત્ર પર અફઘાનિસ્તાનના કાર્ટકારી ઉડ્ડયન મંત્રી અલ્હાજ

● અનુસંધાન પાન-૭ પર

# બેંગલોરમાં આવેલ શૈક્ષણિક સંસ્થામાં ૬૦ છાત્ર સંક્રમિત

બેંગલુરૂ, તા.૨૯

કોરોનાનુ જોર ભલે ઓછુ થઈ ગયુ હોય પણ હજીય લોકોએ સાવધાની રાખવાની જરૂર તો છે જ અને આ વાતનો પૂરાવો આપતા કિસ્સા પણ બની રહ્યા છે.

જેમ કે બેંગ્લોરમાં આવેલી ચૈતન્ય એજ્યુકેશનલ ઈન્સ્ટિટ્યુટ નામની શૈક્ષણિક સંસ્થામાં એક સાથે ૬૦ વિદ્યાર્થીઓ કોરોનાથી સંક્રમિત થયા છે. રવિવારે આ સંસ્થામાં એક બાળકને ઝાડા ઉલટી થવા માંડ્યા હતા. એ પછી અહીંયા ૪૮૦ વિદ્યાર્થીઓનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો અને તેમાં ૬૦ વિદ્યાર્થીઓ પોઝિટિવ જાહેર થયા હતા.

આ એક બોર્ડિંગ સ્કૂલ છે અને બહારગામથી આવતા વિદ્યાર્થીઓ અહીંયા રહીને અભ્યાસ કરે છે. મોટાભાગના વિદ્યાર્થીઓ એક મહિના પહેલા પાછા આવ્યા હતા અને તે વખતે તેમનામાં કોઈ લક્ષણ નહોતા. હવે ૬૦ વિદ્યાર્થીઓ પોઝિટિવ આવતા તંત્ર ચોંકી ઉઠ્યુ છે.

# પાક.ના આતંકીઓ કાશ્મીરમાં ઘૂસ્યા હોવાની મોટી આશંકા

જિનેવા, તા.૨૯

જુનૈદ કુરેશીએ કહ્યું કહ્યું કે, ૧૯૮૯માં સોવિયેત સંઘે કાબૂલ છોડયું તો અનેક ઈસ્લામીક આતંકીઓએ અન્ય દેશોમાં જવું પડયું અને અનેકને કાશ્મીર મોકલાયા હતા. ૩૨ વર્ષ પછી અફઘાનિસ્તાન પર તાલિબાનોએ કબજો કરી લીધો છે. તો એવામાં અનેક લોકો બેરોજગાર થઈ ગયા છે. જૂનૈદે કહ્યું કે, ૧૯૯૦ના દાયકામાં પાકિસ્તાનની જાસૂસી એજન્સી આઈએસઆઈ દ્વારા તાલિમ પામેલા આ જેહાદી આતંકીઓને કાશ્મીર મોકલાયા હતા. હવે અમને હેરાન કરવા માટે તેઓ પાછા આવી ગયા છે.

અફઘાનિસ્તાન પર તાલિબાનોના કબજા પછી બધા જ દેશોમાં ચિંતા ફેલાઈ છે કે તાલિબાનના આતંકીઓ અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ અન્ય દેશોમાં આતંકવાદ ફેલાવવા ના કરે. બીજીબાજુ પાકિસ્તાન સમર્થિત જેહાદી આતંકીઓએ અફઘાનિસ્તાન માર્ગેથી કાશ્મીરમાં પ્રવેશ્યા હોવાના અહેવાલોએ ચિંતામાં વધારો કર્યો છે

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD
TV રીપેરીંગ માટે
ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

UPI
UNIFIED PAYMENTS INTERFACE
BHIM
BHARAT INTERFACE FOR MONEY
G Pay
Paytm

હવેથી બેંક આપની સેવામાં
24 X 7 ઉપલબ્ધ
BHIM PAY, PHONE PAY, GOOGLE PAY,
WHATS APP PAY તથા અન્ય
ડીજીટલ પ્લેટફોર્મ પર

ઉપરોક્ત સેવાનો લાભ લેવા બેંક દ્વારા આપવામાં આવતું
"ફ્રી" ડેબિટ કાર્ડ/ATM કાર્ડ લેવું જરૂરી છે.

THE GANDHINAGAR NAGARIK CO-OP. BANK LTD.
ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.
રજિ. ઓફિસ - પ્લોટ નં. - ૩૯૧, ઘ - ૪॥, સેક્ટર - ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬
Ph. No.232 47215/16 || Fax No. 232 32336 || Whats App No. 97277 33100
Website : www.gncb.co.in || Email : info@gncb.co.in

| વિક્રમ કે. પટેલ<br>ચેરમેન<br>(મો.૯૩૨૮૮ ૩૨૭૨૭) | પ્રવિણકુમાર ડી. પટેલ<br>વાઈસ ચેરમેન<br>(મો.૯૪૨૬૧ ૭૧૩૯૪) | વિપુલ આર. પટેલ<br>મેનેજીંગ ડીરેક્ટર<br>(મો.૯૮૨૫૦ ૦૫૯૫૫) |
|---|---|---|
| | બોર્ડ ઓફ ડિરેક્ટર્સ | |
| અશોકભાઈ જી. પટેલ | અશોકભાઈ આર. પટેલ | ઘનશ્યામભાઈ કે. પટેલ |
| જયંતિભાઈ એમ. પટેલ | ચંદ્રકાંતભાઈ સી. પટેલ | મનુભાઈ બી. પટેલ |
| લાલસિંહ કે. વાઘેલા | ડો. હિમાંશુ વી. પટેલ | વિષ્ણુભાઈ આઈ. પટેલ |

બિપિનભાઈ વી. પટેલ (કો. ઓપ્ટ. ડિરેક્ટર) & દિપકભાઈ એચ. શાહ (જનરલ મેનેજર) તથા સમગ્ર બેંક સ્ટાફ